# શ્રી કિસાન માધ્યમિક વિધાલય, લુણાવાડા
## રાષ્ટ્રીય સેવા યોજના
## નિયમિત પ્રવૃતિ અહેવાલ 2018-19

તાઃ-20-06-2018 ના રોજ શ્રી કિસાન માધ્યમિક વિધાલય, લુણાવાડા ના પટાંગણમાં એન.એસ.એસ પ્રવૃતિ અંગે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ મિટીંગમાં રાષ્ટ્રીય સેવા યોજનાની નિયમિત પ્રવૃતિ અને ખાસ શિબિર પ્રવૃતિ માટે સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી. યુનિટના પોગ્રામ ઓફિસર તરીકે શાળાના મદદનીશ શિક્ષક શ્રી પી.કે.પટેલ અને એચ.એચ.નકુમ ની નિમણૂંક કરવામાં આવી.યુનિટના સ્વયંસેવકોને એન.એસ.એસ ની સમજૂતી આપવામાં આવી હતી.

તા.10-07-2018 ના રોજ શ્રી કિસાન માધ્યમિક વિધાલય, લુણાવાડા ના પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના પ્રવૃત્તિ અંગે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.જેમાં 200 સ્વયંસેવકોએ હાજરી આપી હતી.યુનિટના સ્વયંસેવકોને પ્રોગ્રામ ઓફિસરે રાષ્ટ્રીય સેવા યોજના વિશે સમજૂતી આપી.રાષ્ટ્ર અને સમાજ માટે આ યોજના કેવી રીતે મહત્વની છે?તેની સમજૂતી આપી હતી.આ સમજૂતી આપ્યા પછી સ્વયંસેવકોએ નિયમિત પ્રવૃત્તિ અને ખાસ શિબિર પ્રવૃત્તિ કરવાનું નક્કી કર્યુ.રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ નિયમિત પ્રવૃત્તિમાં શાળાના મેદાનનું સફાઈ કાર્ય શાળામાં ભણતા વિધાર્થીઓના સાયકલ સ્ટેન્ડની સંભાળ રાખવી તેમજ વૃક્ષોની સંભાળ રાખવાનું શાળા સ્થળે શ્રમકાર્ય કરવું,દવાખાના સ્થળે ગરીબ બીમાર માણસોને માટે શેરીઓમાં રહેતા કુટુંબ પાસે વપરાયા વગરની દવાઓ એકત્ર કરીને દર્દીઓને આપવાની અને બસ સ્ટેન્ડ જેવા જાહેર સ્થળો પર વૃધ્ધોને તેમજ અપંગોને મદદરૂપ થવાનું નક્કી કર્યુ.

ઉપરોકત જણાવેલ પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ યોજવાનું નક્કી કર્યુ.અને સમગ્ર વર્ષ દરમિયાન આવી પ્રવૃત્તિઓ કરીશું તેવું સૌએ ખંતથી નક્કી કર્યુ.

તા. 30/07/2018 ના રોજ યુનિટના સ્વયંસેવકોની એક મિટીંગ બોલાવવામાં આવી હતી.જેમાં દરેક સ્વયંસેવક ભાઈ–બહેનાએ વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો હતો.અને વૃક્ષોની માવજત અને પર્યાવરણ સુધારણા અને જીવનમાં પર્યાવરણનુ મહત્વ એ અંગે શ્રી એમબી.પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.ત્યારબાદ સ્વયંસેવકો ચા–નાસ્તો લઈને છુટા પડયા હતા.જે મુજબ જુલાઈ માસમાં વન ડે કેમ્પ કરવો.આ પ્રમાણે નક્કી થયા પછી સ્વયંસેવકો છુટા પડયા હતા.

તા.14-08-2018 ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની મિટીંગ બોલાવવામાં આવી હતી.સદર મિટીંગમાં સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવાનું નક્કી કરવાનું વિચારવામાં આવેલ.જેમાં યુનિટના સ્વયંસેવકોને દેશ–ભકિતના ગીતો,શૌર્યગીતો,લોકનૃત્ય,એક પાત્રિય અભિનય વગેરેની તૈયારી કરવા માટે જણાવવામાં આવેલ હતું.ત્યારબાદ શાળા કેમ્પસની સફાઈ નગરમાં ભાવફેરી,જનજાગૃતિ તથા રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

તા.15-08-2017 ના રોજ સવારના ૮:૦૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.ત્યારબાદ એન.એસ.એસ ના સ્વયંસેવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સ્વયંસેવકોએ શૌર્ય ગીતો,દેશભકિતના ગીતો,લોકનૃત્ય,એકપાત્રિય અભિનય રજૂ કર્યા હતા.શાળાના વિધાર્થીઓ તથા વાલીઓ પણ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજર રહયા હતા.કાર્યક્રમ પૂરો થયા બાદ એન.એસ.એસ યુનિટના સ્વયંસેવકો દ્વારા સદર કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવી હતી.ત્યારબાદ ચા–અલ્પાહાર લઈ સૌ છુટા પડયા હતા.

તા.30-08-2018 ના રોજ શાળામાં વૃક્ષારોપણ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.યુનિટના સ્વયંસેવકોએ શાળાના મેદાનમાં વિવિધ સેવાઓ રાખવા માટે સૌ પ્રથમ સ્વયંસેવકો દ્વારા ખાડા ખોદવામાં આવ્યા હતા.ત્યારબાદ વિવિધ રોપાઓ રોપવામાં આવ્યા હતા.શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી એચ.વાય પટેલ તેમજ યુનિટના પ્રોગ્રામ ઓફિસરે સ્વયંસેવકોને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતુ.ત્યારબાદ ચા – અલ્પાહાર લઈ છુટા પડયા હતા.

તા. 10-09 -2018 ના રોજ વન ડે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.યુનિટના સ્વયંસેવકો સવારના ૯:૦૦ કલાકે શાળાના પટાંગણમાં આવી ગયા હતા.અને તેઓને સોપવામાં આવેલ કામની શરૂઆત કરી હતી.શાળાના મેદાનખંડ વિવિધ રોપાઓની આજુબાજુ માટીનું ખોદકામ કરવામાં આવ્યું હતું.સદર કામ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક કર્યુ હતુ.ત્યારબાદ ચા–નાસ્તો લઈ છુટા પડયા હતા.

તા.16-10-2018 વ્યસનમુકિત સેમિનાર દત્તક ગામ મોટા ડોકવા મુકામે કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા અભિયાનની જાગૃતિ માનનીયશ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રેરીત સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વયંસેવકો ઘરે ઘરે જઈને શૌચાલય બનાવવા માટેની તથા સ્વચ્છતા માટેની માહિતી આપી હતી.

તા. 01/12/2018 ના રોજ એઈડ્ઝ જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો.જેમાં શાળાના એન.એસ.એસ. તમામ વિધાથીઓ રેલીનું આયોજન કર્યુ. જે રેલી મહાકાળી માતાના ડુંગર પર જઇ. વિજ્ઞાનના મદદનીશ શિક્ષક શ્રી એ. એચ. ભટ્ટ સાહેબે એઈડ્ઝ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તા. 07-01-2019 થી 13-01-2019 મોટા ડોકવા મુકામે ખાસ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.26-01-2019 ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યુ.ત્યાર બાદ પ્રજાસત્તાક દિનની ઉજવણી તથા વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

તા. 16-03-2019 ના રોજ પ્રકૃતિ શિબિરનું આયોજન શ્રી ખોડિયાર મંદિર લુણાવાડા ખાતે રાખવામાં આવ્યુ હતુ જેમાં એન.એસ.એસ.ના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યાર બાદ મંદિર પરિસરની સફાઇ કરવામાં આવી.ત્યાર બાદ વિવિધ રમતો રમી ચા– નાસ્તો કરવામાં આવ્યો હતો.

તા.14-04-2019 ના રોજ વન ડે કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે.જેમાં ડૉ આંબેડકર જયંતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

આ રીત નિયમિત પ્રવૃતિ અને ખાસ શિબિર ના સ્વંય સેવકોએ વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમમાં પોતાનો શ્રમનો ફાળો આપેલ છે.



વિદ્યાલય લુણાવાડા
OKC Sankul
.મહીસાગર
સેવા યોજના
સ્વાગત કરે છે.
Me But You
NSS
કિસાન માધ્યમિક વિદ્યાલય
રાષ્ટ્રીય સેવા યોજના
અંતર્ગત
ખાસ શિબિર
OKC Sankul
.૭-૧-૨૦૧૯ થી ૧૩-૧-૨૦૧૯
ડોકવા તા.લુણાવાડા, જિ.મહીસાગર